ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગાંધીનગર (દ) બેઠક પર કોંગ્રેસે ડૉ. હિમાંશુ પટેલની પસંદગી કરી

ગાંધીનગર, તા. ૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ગઈકાલે મધરાતે ૪૩ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે તેમાં ગાંધીનગર (દ) બેઠક પર જિલ્લાના યુવા અગ્રણી ડૉ. હિમાંશુ પટેલના નામની જાહેરાતનો સમાવેશ થાય છે.

ડૉ. હિમાંશુ પટેલે કાયદાશાસ્ત્રમાં ડોક્ટરેટની પદવી પ્રાપ્ત કરી છે. વ્યવસાયે વકીલાત કરતા ડૉ. પટેલે સરદાર પટેલ રાજ્ય સ્મારક સમિતિના ટ્રસ્ટી પણ છે. આ ઉપરાંત જિલ્લાની મોટી સહકારી સંસ્થા ગણાતી નાગરિક બેંકના વાઈસ ચેરમેન તેમજ ચેરમેન તરીકે સેવાઓ બજાવી ચુક્યા છે અને હાલમાં ડિરેક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

તેઓ વિદ્યાર્થીકાળથી જ રાજકારણમાં સક્રિય છે. યુનિ.ના સિન્ડીકેટ, સેનેટ તેમજ વેલ્ફેર બોર્ડમાં રહી ચુક્યા છે. યુવા અગ્રણી તરીકે પણ અનેક યુવા સંગઠ્ઠનો સાથે પણ આજે સક્રિય રહી સારી લોકચાહના ઉભી કરી છે.

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામના તેઓ વતની છે. ગ્રામ વિકાસ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ એ તેમના ગમતા વિષયો રહ્યા છે. અગાઉ તેઓ સરખેજ વિધાનસભાનો ચૂંટણી જંગ લડ્યા હતા. જો કે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ સામે તેમનો પરાજય થયો હતો. જો કે આ પછી નવી રચાયેલી ગાંધીનગર (દ) બેઠક પર તેમણે ઘનિષ્ટ લોકસંપર્ક કરી રાજકીય સક્રિયતા વધારી છે.

ડૉ. પટેલ હાલ પ્રદેશ સમિતિના પ્રવક્તા પણ છે. ડૉ. પટેલની પંસદગીને જિલ્લાની આ બેઠકના વિવિધ સામાજિક સંગઠ્ઠનોએ પણ આવકારી છે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે.

કોંગ્રેસે હાલ માત્ર ગાંધીનગર (દ) બેઠકના ઉમેદવારની જ જાહેરાત કરી છે. આગામી એકાદ બે દિવસમાં જિલ્લાની બે જેટલી બેઠકોના ઉમેદવાર જાહેર કરશે તેમ કોંગ્રેસના વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાનો ચૂંટણી જંગ બીજા તબક્કામાં હોઈ પક્ષ દ્વારા હજુ ઉમેદવારોની પસંદગીને લઈ પ્રક્રિયા ચાલી રહી છે.

જિલ્લા કલેક્ટરે ગણતરી કેન્દ્રની મુલાકાત લઈ વિવિધ સૂચનો કર્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી.કે. આજે સે. ૧૫ સ્થિત મતગણતરી સેન્ટરો તેમજ ઉભા કરવામાં આવેલા સ્ટ્રોંગરૂમની મુલાકાત લઈ કેટલીક મહત્વની જરૂરી સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચેય પેઠક પર બીજા તબક્કામાં ૫ મી ડિસેમ્બરે મતદાન થવાનુ છે. આ પછી મતગણતરીના દિવસની વચ્ચે બે દિવસનું અંતર જ રહેતુ હોવાથી સ્ટ્રોંગરૂમ તેમજ મતગણતરી સેન્ટરોની તેમણે આજે મુલાકાત લીધી હતી એટલુ જ નહિ તંત્રને પણ સાથે સાથે તૈયારીઓ પર ભાર મુક્યો હતો.

સુશ્રી પ્રવિણા ડી.કે. એ ઉભા કરવામાં આવેલા સ્ટ્રોંગરૂમની વ્યવસ્થાને લઈ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને કેટલીક મહત્વની સૂચના આપી હતી.

તેમણે જ્યારે આ મુલાકાત લીધી ત્યારે જિલ્લા પોલીસવડા, પ્રાંત અધિકારી ગાંધીનગર સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તંત્ર દ્વારા ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી એટલુ જ નહિ ગણતરીના દિવસે ભીડ જે એકત્રિત થાય તેને નિયંત્રિત કરવા માટે પોલીસવડા સાથે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

જિલ્લામાં ચૂંટણી જાહેર થતાં જ તંત્ર હરકતમાં આવી ગયુ છે. જિલ્લા કલેક્ટર વ મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારીએ આજથી સ્થળ મુલાકાતનો સિલસિલો શરૂ કર્યો છે.

તેમણે જિલ્લામાં 'અવસર રથ'ના ભ્રમણ અને લોકોના પ્રતિસાદ અંગે ચૂંટણી અધિકારીઓ સાથે વાતચીત કરી વિગતો મેળવી હોવાનુ જાણવા મળેલ છે.

જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે. એ કલોલ વિધાનસભા મતક્ષેત્રોના કેટલાક બુથોની પણ ચકાસણી કરી અને ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

@-ઈલેક્શન

- ભાજપના વરીષ્ઠ નેતા અને પૂર્વ આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસે ભાજપમાંથી રાજીનામુ આપી સિદ્ધપુરમાંથી ચૂંટણી લડવાની જાહેરાત કરી.
- પ્રદેશ કોંગ્રેસના મંત્રી હિમાંશુ વ્યાસે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં જોડાયા.
- દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન અને જાણીતા સહકારી આગેવાન વિપુલ ચૌધરી પ્રેરિત અર્બુદા સેનાએ આમ આદમી પાર્ટીને સમર્થન આપવાની જાહેરાત કરી શકે છે.
- કોંગ્રેસે ગઈરાત્રે જાહેર કરેલા ૪૩ ઉમેદવારોમાં દાહોદ અને ડીસામાં આક્રોશ ભભુક્યો.
- આમ આદમી પાર્ટીએ જાહેર કરેલ વધુ ૨૧ ઉમેદવારોને બાપુનગર અને દહેગામ બેઠક પર ભારેલો અગ્નિ.
- કોંગ્રેસમાં જોડાયેલા આપના જ પૂર્વ નેતા ઈન્દ્રનીલ રાજગુરૂએ આપ પર આકરા પ્રહારો કર્યા.
- આપના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ ઈન્દ્રનીલના આક્ષેપોને મનઘડત કહ્યા.
- ભાજપ-કોંગ્રેસના મોટા માથા ટૂંક સમયમાં આપમાં જોડાશે એવી જાહેરાત અલ્પેશ કથેરિયાએ સુરતમાં કરી.
- ઉદ્ધવ ઠાકરેએ ગુજરાતમાં ભાજપ-આપની સીધી ટક્કર હોવાનુ આપ્યુ નિવેદન.
- માણસાના પૂર્વ ધારાસભ્ય સુરેશ પટેલે સ્વાસ્થ્યના કારણે ચૂંટણી લડવાનો ઈન્કાર કરતા માહોલ ગરમાયો.
- ત્રણ દિવસ પહેલા જ કોંગ્રેસમાં જોડાયેલા ડૉ. તશ્વીન સિંઘને માંજલપુર બેઠકની ટિકિટ અપાતા વડોદરામાં વિરોધ.
- ભાજપ અગ્રેસર ગુજરાત કેમ્પેઈન સી. આર. પાટીલના હસ્તે લોન્ચ કરાયું.
- હિંમતનગરમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જાહેરસભા સંબોધી.
- બીજા દિવસે ભાજપે ૧૩ જિલ્લાની ૭૭ બેઠકો પર ઉમેદવારોની પેનલ તૈયાર કરી.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ગાંધીધામ અને અંજારમાં તિરંગા યાત્રામાં જોડાયા.

અર્બુદા સેનાનુ ૧૫મીએ ચરાડામાં વિશાળ સંમેલન યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૫

અખિલ આંજણા ચૌધરી સમાજની અર્બુદા સેનાનું વિશાળ સંમેલન ૧૫મી નવેમ્બરના રોજ ચરાડા ખાતે યોજાશે અને કઈ રાજકીય પાર્ટીને સમર્થન કરવુ તે અંગે મહત્વનો નિર્ણય આ દિવસે લેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી વિપુલ ચૌધરીની કથિત ૮૦૦ કરોડના આર્થિક વ્યવહારોના કેસમાં ક્રાઈમ બ્રાંચે ધરપકડ કર્યા બાદ હાલ વિપુલ ચૌધરીને સાબરમતી જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. એસીબીએ લગાવેલી કડક કલમોના કારણે નજીકના દિવસોમાં તેમનો છુટકારો થાય તેવી શક્યતા નહિવત્ છે.

વિપુલ ચૌધરી ઉપર કરવામાં આવેલા આક્ષેપો મામલે અર્બુદા સેના મેદાનમાં આવી છે. તમામ આક્ષેપો પાયાવિહોણા હોવાનું કહ્યુ હતુ. વિપુલ ચૌધરીના સમર્થનમાં અર્બુદા સેના ગામે ગામ સંમેલનો યોજી રહેલ છે અને વિપુલ ચૌધરીને મુક્ત કરવાની માંગણી કરી રહેલ છે.

તાજેતરમાં અર્બુદા સેનાએ મહેસાણા આવેલા દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ સાથે મુલાકાત કરતાં મામલો ગરમાયો છે.

હવે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થઈ ચુકી છે. ત્યારે અર્બુદા સેના પણ એક્શનમાં આવી છે અને આગામી ૧૫મી નવેમ્બરના રોજ ચરાડા ખાતે વિશાળ સંમેલન યોજવા જઈ રહેલ છે. જેમાં તેનું સ્ટેન્ડ ક્લીયર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

અર્બુદા સેના આમ આદમી પાર્ટીને સમર્થન કરી શકે છે તેવી અટકળો હાલ તેજ થઈ ચુકી છે.

માણસા બેઠકના કોંગી ધારાસભ્ય સુરેશ પટેલનો ચૂંટણી લડવાનો ઈન્કાર

જિલ્લા-પ્રદેશ નેતાઓ દોડતા થયા... નાદુરસ્ત તબિયતને લઈ પટેલે ઈન્કાર કર્યો હોવાની વાતો બહાર આવી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની માણસા બેઠકના વર્તમાન ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ચૂંટણી લડવાનો ઈન્કાર કરતાં જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને પ્રદેશ આગેવાનો દોડતા થઈ ગયા છે.

સુરેશ પટેલ માણસા બેઠક પર ગત સામાન્ય ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સામે એક હજાર કરતાં ઓછી સરસાઈથી વિજયી થયા હતા. જો કે આ પછી તેમણે વિસ્તારમાં અનેક મહત્વના કાર્યો કરી અને લોકપ્રિયતામાં વધારો કર્યો હતો.

જો કે તેમણે આ ચૂંટણી પોતાની નાદુરસ્ત તબિયતનુ કારણ આગળ ધરી લડવાનો ઈન્કાર કરી દીધો છે. કોંગ્રેસના ધારાસભ્ય માણસા અગાઉ કલોલના પણ ધારાસભ્ય રહી ચુકયા છે. તેઓ સિનીયર આગેવાન હોવા ઉપરાંત તેમની વિવિધ સામાજિક સંગઠ્ઠનો સાથેના સંબંધો અને સક્રિયતાને લઈ તેઓ સૌને ગમતા સભ્ય તરીકેની આગવી ઓળખ ઉભી કરી હતી. મિલનસાર તેમજ સાલસ પ્રકૃત્તિ ધરાવતા સુરેશભાઈના ઈન્કાર પછી જિલ્લા કોંગ્રેસ આઘાતમાં ગરકાવ થઈ ગઈ છે. તેણે તાબડતોબ આ અંગે પ્રદેશ નેતાગીરીનું ધ્યાન દોરતાં જિલ્લા અને પ્રદેશના નેતાઓ દોડતા થઈ ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

દહેગામમાં 'આપ'માંથી રાજીનામાની સંભાવનાઓ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની દહેગામ વિધાનસભા બેઠક પર સ્થાનિક ઉમેદવારોની અવગણના કરી આયાતી ઉમેદવાર મુકવાના આમ આદમી પાર્ટીના નિર્ણયને લઈ તાલુકામાં આમ આદમી પાર્ટીની સ્થિતિ ઉકળતા ચરૂ જેવી છે.

અગાઉ કાર્યકરો દ્વારા આમ આદમી પાર્ટીના કાર્યાલય પર ધરણા કરવામાં આવ્યા હતા અને ઉમેદવાર બદલવાની માંગ કરાઈ હતી.

હાલ આયાતી ઉમેદવારને મામલે ઉકળતા ચરૂ જેવી સ્થિતિમાં ગમે ત્યારે ટપોટપ રાજીનામા પડવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આયાતી ઉમેદવાર બદલવામાં નહિ આવે તો પાર્ટીએ પરિણામ ભોગવવા તૈયાર રહેવુ પડશે તેવુ કાર્યકરો ખુલ્લે ખુલ્લા બોલી રહ્યા છે.

દરમ્યાન યુવરાજસિંહે પોતે આયાતી નહિ હોવાનું રટણ કરી ગાંધીનગર અને દહેગામમાં સતત રહેતો આવ્યો છુ અને દહેગામમાં જ રહુ છુ જેથી આયાતી નથી. જો કે મામલો શાંત પડવાનું નામ લેતો નથી.

ગાંધીનગરમાં સામાજીક સમિકરણોને લઈ પ્રજાપતિ સમાજની બેઠક મળી

ભાજપ પાસે ૧૦ ટિકિટની કરાઇ માગ

ગાંધીનગર,તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતા જ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. ત્રણ દિવસથી નિરીક્ષકો દ્વારા તમામ મહાનગરો અને જિલ્લાઓમાં સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ દરમિયાન સમાજને ટિકિટનું ભૂત ફરી એકવાર ધૂણ્યું છે. જેમાં ગાંધીનગરમાં પ્રજાપતિ સમાજની બેઠક યોજાઈ હતી આ વેળાએ સમાજના આગેવાન નેતાઓએ પોતાના સમાજના પ્રતિનિધિને ટિકિટ મળે તેવી માગ ઉઠાવી હતી. વધુમાં ભાજપ પાસે ૧૦ ટિકિટની માગ કરવામાં આવી છે. આ ઉપરાંત અગાઉ પણ અનેક સમાજ દ્વારા પોતાના સમાજને ટિકિટ ફાળવવાની માંગ કરવામાં આવી હતી. જેથી આ વખતે ભાજપ માટે ઉમેદવારો પસંદ કરવા કપરા ચઢાણ સાબિત થાય તો નવાઈ નહિ!ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા સામાજીક સમિકરણોને લઈ બેઠકોનો દૌર જામી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ગુજ્જુ લવસ્ટોરી 'સત્ય-પ્રેમ કી કથા'નું શહેરની રાધે સ્વીટ્સમાં શુટીંગ

બોલીવુડના જાણીતા અભિનેતા કાર્તિક આર્યન, કિયારા અડવાણી, ગજરાજ રાવ, સિદ્ધાર્થ રાંદેરીયા અને રાજપાલ યાદવ ગાંધીનગરના મહેમાન બન્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના જાણીતી સ્વીટ શોપ 'રાધે'માં આજકાલ હિન્દી ફિલ્મનું શુટીંગ થઈ રહ્યુ છે. ગુજ્જુ લવ સ્ટોરીના કથાનક સાથે 'સત્યપ્રેમ કી કથા'ના ત્રી-દિવીસીય શુટીંગ માટે રાધે સ્વીટ્સનું લોકેશન પસંદ કરવામાં આવ્યુ છે. ફિલ્મના હિરો કાર્તિક આર્યન સાથે જાણીતા ગુજરાતી અભિનેતા સિદ્ધાર્થ રાંદેરીયા અને ગજરાજ રાવના કેટલાક સીન્સનું શુટીંગ અહીં થઈ રહ્યું છે.

રમણીય ગાંધીનગર અનેક ગુજરાતી હિન્દી ફિલ્મના શુટીંગ માટે આદર્શ લોકેશન સાબિત થયુ છે. લક્ઝુરીયસ એમ્બીયન્સ અને પરંપરાગત સ્વાદ માટે જાણીતા સેક્ટર-૧૧ સ્થિત રાધે સ્વીટ્સ પણ હવે બોલીવુડ ફિલ્મના શુટીંગ માટે પસંદગીનુ સ્થળ બની રહ્યુ છે. છેલ્લા બે દિવસથી બોલીવુડની જાણીતા સ્ટારકાસ્ટ ગાંધીનગરની મહેમાન બની છે. યુવા દિલની ધડકન કાર્તિક આર્યન, કિયારા અડવાણી, બધાઈ હો ફિલ્મ ફેમ ગજરાજ રાવ અને જાણીતા ગુજરાતી અભિનેતા સિદ્ધાર્થ રાંદેરીયા અભિનિત હિન્દી ફિલ્મ 'સત્ય પ્રેમ કી કથા'નું શુટીંગ રાધે સ્વીટ્સમાં થઈ રહ્યુ છે. સાજીદ નડીયાદવાલાના બેનર હેઠળ પ્રોડ્યુસર કિશોર અરોરાની આ ફિલ્મના ડાયરેક્ટર સમીર વિધ્વંશ છે. સમીર વિધ્વંશ મરાઠી ફિલ્મ જગતના જાણીતા અભિનેતા અને ડિરેક્ટર છે. તેમની મરાઠી ફિલ્મ 'આનંદી ગોપાલ' નેશનલ એવોર્ડ વિનર છે. કાર્તિક આર્યન અને કિયારા અડવાણીની મુખ્ય સ્ટારકાસ્ટ સાથે સમીર વિધ્વંશ તેમની ડેબ્યુ હિન્દી ફિલ્મ લઈને બોલીવુડમાં પદાર્પણ કરી રહ્યા છે.

આ ફિલ્મમાં કાર્તિક આર્યન અને કિયારા અડવાણી ગુજરાતી યુવક-યુવતિનુ પાત્ર ભજવી રહ્યા છે. કિયારાના પિતાની ભૂમિકા સિદ્ધાર્થ રાંદેરીયા નીભાવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ખૂબ જ હટકે સ્ટોરીલાઈનવાળી આ ફિલ્મ છે : સિદ્ધાર્થ રાંદેરીયા

ગાંધીનગર, તા. ૫

નડીયાદવાલા પ્રોડક્શનની 'સત્ય પ્રેમ કી કથા' ફિલ્મના શુટીંગ માટે ગાંધીનગર આવેલા જાણીતા ગુજરાતી અભિનેતા સિદ્ધાર્થ રાંદેરીયા આ ફિલ્મના મુખ્ય અભિનેત્રી કિયારા અડવાણીના પિતાનું પાત્ર ભજવી રહ્યા છે. સિદ્ધાર્થ રાંદેરીયાની કોમેડી પાત્રની ઈમેજની વિપરીત આ ફિલ્મમાં તેઓનું ખુબ ઈમોશનલ કેરેક્ટર છે.

સંવેદનશીલ પાત્ર અને હટકે સ્ટોરી લાઈનના કારણે જ તેઓએ આ ફિલ્મ સ્વીકારી હોવાનું જણાવ્યુ હતુ.

સિદ્ધાર્થ રાંદેરીયાએ આ ફિલ્મના કેટલાક પાસાઓ વિશે વિગતો આપતા જણાવ્યુ કે આ ફિલ્મના બંને મુખ્ય પાત્રો ગુજરાતી છે. ગુજરાતી પાત્રો અને તેમની લવસ્ટોરીની આસપાસ ઘુમતી આ ફિલ્મનું મોટાભાગનુ શુટીંગ અમદાવાદમાં થયુ છે. કેટલુક શુટીંગ ગોંડલમાં અને કેટલુક ગાંધીનગરમાં થયુ છે. કિયારાના પિતાના પાત્ર તરીકે ફરસાણ કિંગ હરકિશનભાઈની ભૂમિકા મે ભજવી છે. ફિલ્મના લેખક કરણ શર્માએ આખી ફિલ્મ ગુજરાતી માહોલ અને ગુજરાતી સંસ્કારોને પ્રાધાન્ય આપીને લખી છે. કાર્તિક આર્યન અને કિયારા અડવાણી ઉપરાંત ગજરાજ રાવ, સુપ્રિયા પાઠક અને હુ તેમાં મહત્વના પાત્રો ભજવી રહ્યા છીએ.

આ ફિલ્મના ડિરેક્ટર સમીર વિધ્વંશની આ પહેલી હિન્દી ફિલ્મ છે. તેઓ ગુજરાતની વાત કરતાં કહે છે કે ગુજરાતનું વાતાવરણ ખુબ સારૂ છે. આ ઉપરાંત અહીંના લોકો, તંત્ર ખૂબ જ સપોર્ટીવ છે. પરમીશનથી લઈને અનેક પ્રકારના સહયોગની જરૂર પડી છે. ત્યારે અમને ખુબ સપોર્ટ મળ્યો છે. ગાંધીનગર ખુબ જ અદ્‌ભૂત શહેર છે. એક નવા જ પ્રકારનો અનુભવ અહીં થઈ રહ્યો છે.

જાણીતા સાહિત્યકાર મોહમદ માંકડનું અવસાન

આજે સવારે ૧૦ વાગે સે. ૨૦ના તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળશે

ગાંધીનગર, તા. ૫

રાજ્યના વરિષ્ઠ સાહિત્યકાર મોહમદ માંકડનું આજે શનિવારે ૯૪ વર્ષની જૈફવયે દુ:ખદ અવસાન

થયુ છે.

મોહમદ માંકડના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ સાહિત્યપ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

સ્વ. માંકડ એપોલો હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને સાંજે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સ્વ. માંકડનું ગુજરાતી સાહિત્યમાં ખુબ મોટુ પ્રદાન રહેલુ છે. તેમની સંદેશ દૈનિકમાં નિયમિત કોલમો પણ પ્રસિદ્ધ થઈ હતી.

સ્વ. માંકડની અંતિમયાત્રા ગાંધીનગરના સે. ૨૦ ખાતેના નિવાસસ્થાનેથી સવારે ૧૦ વાગે નીકળશે.

સ્વ. માંકડના અવસાન અંગે દુ:ખની લાગણી વ્યક્ત કરતાં સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ જણાવ્યુ છે કે આ સમાચાર ખુબજ દુ:ખદ છે. 'કેલિકોસ્કોપ' કોલમ અને અનેક વાર્તાઓ થકી એમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યુ છે. અમે સૌ એમના અકાદમીના વર્ષોનું અમે આદરપૂર્વક સ્મરણ કરીએ છીએ. અંગત રીતે અને અકાદમી વતી હાર્દિક શ્રદ્ધાંજલિ આપુ છુ. એમની સદ્‌ગતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

બેસણું

અમારા પુત્ર **જયેશકુમાર જશવંતલાલ પરમાર**નું તા. ૨/૧૧/૨૦૨૨, બુધવારના રોજ દુ:ખદ નિધન થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું અને સુંવાળા તા. ૭/૧૧/૨૦૨૨ને સોમવારે સવારે ૯ થી ૧૧ દરમિયાન રાખેલ છે.

સ્થળ : રામજી મંદિર, પેથાપુર, તા. જી. ગાંધીનગર

લી.

ગં.સ્વ. મીનાબેન જશવંતલાલ પરમાર (મમ્મી)

મોબાઈલ નં. ૯૯૨૪૦ ૬૩૭૮૩

અનિલકુમાર પરસોત્તમદાસ પરમાર (કાકા)

મોબાઈલ નં. ૯૮૨૪૩ ૯૮૬૩૫

પ્રકાશ મુકુંદભાઈ પરમાર (ભાઈ)

મોબાઈલ નં. ૯૦૩૩૬ ૦૫૭૩૦

અંબાજી મંદિર ૮ નવેમ્બરનાં દેવ દિવાળીના રોજ બંધ રહેશે

દેવ દિવાળીના રોજ વર્ષનુ અંતિમ ચંદ્ર ગ્રહણ

સવારે આરતી ૪.૦૦ થી ૪.૩૦

સવારે દર્શન ૪.૩૦ થી ૦૬.૩૦

ધાર્મીક વિધિ ને પુજા અર્ચના ઉપર ગ્રહણનું વેધ લાગતો હોવાથી અંબાજી મંદિર બંધ

- સવારે ૬.૩૦ કલાકે થતી મંગળા આરતી ગ્રહણના દિવસે સવારે ૪.૦૦ કલાકે કરાશે
- સવારના ૬.૩૦ કલાકથી રાત્રીના ૯.૦૦ કલાક સુધી મંદિર દર્શનાર્થીઓ માટે સદન્તર બંધ
- સાંજનાં ૬.૩૦ ની આરતી રાત્રી ના ૯.૩૦ કલાકે કરી ને મંદિર મંગળ થશે
- ૯ નવેમ્બર થી દર્શન આરતી રાબેતા મુજબ કરાશે

પાટનગર ગુરૂબ્રાહ્મણ સમાજ, ગાંધીનગર (સુચિત)

કાર્યાલય, પ્લોટ નં. ૨૪/બી, હરીનગર રોહાઉસ, વાવોલ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૧૬

જીવનસાથી પસંદગી મેળો

પાટનગર ગુરૂ બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના ગુરૂ બ્રાહ્મણ સમાજના યુવક-યુવતી માટે દ્વિતીય પસંદગી સંમેલન જાન્યુ-૨૦૨૩ માસમાં ગાંધીનગર ખાતે રાખવાનું આયોજન કરેલ છે. આ પસંદગી સંમેલનમાં જે યુવક-યુવતીને નામ નોંધાવવાનું હોય તેમણે ફોર્મ મેળવવા નીચેના હોદ્દેદારોનો સંપર્ક કરવા વિનંતી.

શ્રી સુખાનંદ એચ. શ્રીમાળી (સરખેજ) - કન્વીનર - મો. ૯૪૨૯૬૦૦૧૯૧

શ્રી ત્રિભોવનદાસ જી. શ્રીમાળી (નરોડા)-સહકન્વીનર-મો.૯૪૨૯૧૨૯૪૮૪

શ્રી મહેન્દ્રભાઈ જે. શ્રીમાળી (છમીછા)-સહકન્વીનર-મો.૯૮૨૫૨૭૦૩૧૪

શ્રી ચિમનલાલ એમ. રાજગોર(વરેઠા)-એમ.ડી. - મો. ૯૯૦૯૯૭૧૬૪૭

શ્રી કિરીટકુમાર કે. શ્રીમાળી(ભાયલા) - પ્રમુખ - મો. ૯૭૩૭૭૮૨૨૮૬

શ્રી દિનેશભાઈ એમ. પુરાણી (મુળગામી)-મહામંત્રી-મો.૯૨૭૬૮૧૯૫૯૨

શ્રી સુરેશભાઈ જી. શ્રીમાળી (લુણવા) - ઉપપ્રમુખ - મો.૯૦૧૬૮૯૯૯૯૨૧

શ્રી કનુભાઈ એમ. શ્રીગોડ (બાકરોલ) - ખજાનચી - મો. ૯૪૨૮૩૫૫૭૩૫

શ્રી યોગેન્દ્રકુમાર કે. પંડ્યા (દહેગામ) - સલાહકાર-મો.૯૪૨૭૬૦૬૬૪૪

શ્રી વિનોદકુમાર એલ. શ્રીમાળી(કલોલ)-સહઓડીટર-મો. ૯૧૭૩૧૩૮૪૦૭

સુખાનંદ એચ. શ્રીમાળી

કન્વીનર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com